**<u>ક્રિ.કે.નં.૩૬૪૪૦/૨૦૧૭</u>**

## <u>-: આંક-૧ નીચે હુકમ :-</u>

-----------------------------------------

આ કામે આરોપી નં.૧ કંપની તથા તેના ડીરેકટર્સ આરોપી નં. ૨ થી ૫ નાઓ સામે ઈન્કમટેક્ષ એકટ કલમ ૨૭૬ બી તથા કલમ ૨૭૮ બી મુજબનો ગુનો કર્યાની ફરિયાદ સને-૨૦૧૭ માં દાખલ થયેલી છે. ફરિયાદ દાખલ થતા આરોપીપક્ષને પ્રોસ ેસ ઈસ્યુ કરવામાં આવતા પ્રોસેસ આરોપીઓ નોટ ફાઉન્ડના શેરા સાથે પરત ફરેલ છે. જે પ્ર ોસેસ (આંક-૩, ૪, ૫, ૬, ૭) તથા તેની ઉપરના શેરા વંચાણે લેતા આરોપીઓ મળી આવતા ન હોવાની હકીકત અત્રેની કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. પોલીસ ધ્વારા કે ફરિયાદી ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ તર્ફે સદર આરોપીઓનુ નવુ સરનામું આજ દીન સુધી રજુ કરી શકાયેલ નથી. પ્રોસિકયુટર તરફે વિ.વ.શ્રીએ આંક-૧ ઉપર એવો શેરો કરેલ છે કે, ડીપાર્ટમેન્ટે ઘણા પ્રયત્નો કર્યા પરંતુ તો.દારોનો કોઈ અતોપતો નથી તો યોગ્ય થવા વિનં તી. જેથી ફરિયાદપક્ષે આરોપીઓનું નવુ સરનામુ મળી આવે તેવી શકયતા નહિવત હોવાનું જણાવેલ છે.

સદર કેસ સાત વર્ષ જુનો છે. છેલ્લા ઘણા વર્ષથી ફરિયાદપક્ષ આરોપી કે આરોપીનું નવુ સરનામુ રજુ કરી શકેલ નથી કે પ્રોસેસ બજાવી શકેલ નથી. ભવિષ્યમાં આરોપીના નવા સરનામા મળી આવવાની કોઈ શકયતા જણાઈ આવતી નથી. જેથી, હાલનો કેસ ઉપરોકત હકીકતોએ અમર્યાદિત સમય સુધી પેન્ડીંગ રાખવો ઉચિત નથી. વધુમાં આરોપી નં.૧ કંપની હાલમાં તે જ સ્થળે કાર્યરત છે કે કેમ તેવી હકીકત પણ ફરિયાદપક્ષે રજુ કરેલ નથી કે તે બાબતે આર.ઓ.સી.માંથી કોઈ રેકર્ડ મેળવી રજુ કરેલ નથી. ફરિયાદી ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ ધ્વારા પણ આ બાબતે કોઈ ઠોસ કે અસરકારક કામગીરીથી આરોપીપક્ષને હાજર રખાવી શકેલ નથી. જેથી ઉપરોકત હકીકતોએ અદાલત પાસે કેસની કાર્યવાહી આગળ વધી શકે તેમ ન હોઈ, કેસ કાઢી નાખવાનો એકમાત્ર વિકલ્પ રહે છે. જેથી, નીચે મુજબનો ન્યાયિક હુકમ કરવામાં આવે છે.

## **:: હુકમ ::**

આરોપીઓના સાચા સરનામાના અભાવે, તથા ફરિયાદપક્ષે પ્રોસેસ બજાવવા કોઈ અસરકારક કાર્યવાહી કરેલ નહિ હોવાની હકીકત ધ્યાને લઈ, કેસના અન્ય ગુણદોષમાં ઉતર્યા સિવાય, ફરિયાદ નોન–પ્રોસીકયુશનના કારણે રદ કરી કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

ફરિયાદપક્ષને ભવિષ્યમાં સદર આરોપીઓ અગરતો તેમના સાચા સરનામા મળી આવે તો તેનો યોગ્ય આધાર પુરાવો રજુ કરી હાલના કેસ સંબંધે જરૂરી કાર્યવાહી કરી–કરાવી શકશે યાને કે હાલની ફરિયાદ ફરી દાખલ કરવા કે સક્રીય કરવા આ હુકમથી બાધ આવશે નહિ. જો નામદાર હાયર ફોરમ ધ્વારા હુકમમાં ફેરફાર થાય તો પણ તે મુજબ ફરિયાદ રીસ્ટોર કરવાપાત્ર રહેશે.

હુકમ આજરોજ સ્પેશિયલ સીટીંગમાં વાંચી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૪/૦૯/૨૦૨૪
અમદાવાદ.
(સ્પે.સીટીંગ–લોકઅદાલત)

(સનત જયંતિલાલ પંચાલ)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી).(જી.જે.૦૦૮૬૪)